## :: આંક–૧ નીચેનો હુકમ ::

આ કામનાં આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ.એ. , મુજબનાં ગુનાનો આરોપ છે અને તેઓએ આજરોજ સ્પેશ્યીલ સીટીંગમાં હાજર રહી સ્વેચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, પોતે ગરીબ અને મજૂર વર્ગનાં માણસ છે અને આર્થિક પરિસ્થિતિ સારી નથી. ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે અને કુટુંબની તમામ જવાબદારી તેમનાં ઉપર હોઈ, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રે ની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેનાં નિવેદન માં સ્વેચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ધ્યાને લેતાં તેમજ *ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર* નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં, જો પૂરતાં અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીનાં સંજોગોને ધ્યાને લેતાં, આરોપીને હળવી સજા કરી, હળવી તથા

ઓછી સજા કરવા માટેનાં વાજબી અને વિશિષ્ટ કારણો જણાતાં હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**-: હુ ક મ :-**

- આ કામનાં આરોપી:પ્રવિણભાઈ મંગળભાઈ ચૌહાણ રહે.બેઢીયા,તા.કાલોલ,જી.પંચમહાલ નાઓને બી.એન.એસ.એસ.૨૬૪ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫ એ.એ., મુજબના ગુના માટે તકસીરવાર ઠરાવી, કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૧૦૦/- (અંકે રૂપિયા એક સો પૂરા) દંડની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો દિન-૧૦ (દસ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.
- મુદ્દામાલ પ્રોહીનો અપીલ સમય વિત્યાબાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ વાહન કબજે કરેલ હોય અને પરત મેળવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો મુદ્દામાલ પરત મેળવેલ ન હોય તો ઈન્કવાયરી કરી પરત આપવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
મુ.કાલોલ.

(શૈલેષભાઈ સદાભાઈ પટેલ)
કોડ નં.જીજે૦૧૨૫૪
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
કાલોલ-પંચમહાલ